## દાંડીના દરિયાકિનારેથી પુરુષનો મૃતદેહ મળ્યો, જાફરાબાદના માછીમારનો હોવાની સંભાવના

**ગયા** ગુરૂવારે પણ અમરેલીના એક માછીમારની લાશ પણ દાંડીથી મળી હતી

નવસારી : ગુરવારે ઐતિહાસિક દાંડીના દરિયા કિનારેથી બે અજાણ્યા પુરૂષોની લાશ મળી આવ્યા બાદ રવિવારે દાંડીના કિનારે વધુ એક પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. એ મૃતદેહ પણ જાફરાબાદમાં લાપત્તા થયેલા માછીમારનો હોવાની આશંકા હોય પોલીસે એ દિશામાં તપાસ કરી રહી છે.

લગભગ બાર દિવસ પહેલાં જાફરાબાદ વિસ્તારમાં માછીમારી કરવા ગયેલી બે બોટ લાપત્તા થઈ હતી. આ બે બોટમાં 11 માછીમારો હતા અને એમાંથી બે માછીમારોના મૃતદેહો મળી આવ્યા હતા. જો કે બાકીના 9 માછીમારો લાપત્તા હતા. બાકીના લાપત્તા થયેલા 9 માછીમારોને શોધવા માટે વધારાની ટીમ કાર્યરત કરવા માટે પણ માંગણી થઈ છે. એ દરમિયાન નવસારીના દાંડીના દરિયા કિનારેથી ગુરૂવારે બે અજાણ્યા પુરૂષોની લાશ મળી આવી હતી. પોલીસે એ લાશનો કબ્જો લઈને કાર્યવાહી હાથ ધરી હતી. આ બંને મૃતદેહો જાફરાબાદની બે બોટના લાપત્તા માછીમારના હોઈ શકે એવી સંભાવના હોવાને કારણે નવસારી પોલીસે તેમના ફોટા જાફરાબાદ મોકલ્યા હતા. એ પૈકી એક મૃતદેહ હરેશ બારૈયાનો હોવાની ઓળખ થતાં તેમના પરિવારજનોએ નવસારી આવી મૃતદેહનો કબ્જો લીધો હતો. એ બાદ રવિવારે દાંડીના કિનારે વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો. એ મૃતદેહ પણ જાફરાબાદમાં લાપત્તા થયેલા માછીમાર હોવાની સંભાવના છે. પોલીસે પણ એ દિશામાં તપાસ આગળ વધારી છે.

મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર કપરાડાના આસલોણા ગામ નજીક બે દિવસથી ભારે વરસાદ

## આસલોણા નજીક ડુંગર ઉપરથી પથ્થર સાથે માટી ધસી પડી

**ડુંગર** ઉપરથી પથ્થર સાથે મોટા પ્રમાણમાં માટી માર્ગ ઉપર ધસી આવતા ત્ર્યંબકેશ્વર તીર્થધામને જોડતો માર્ગ બંધ



વલસાડ : મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર કપરાડા તાલુકાના આસલોણા ગામ નજીક ભારે વરસાદને લઈ બે દિવસ અગાઉ ડુંગર ઉપરથી પથ્થર સાથે મોટા પ્રમાણમાં માટી માર્ગ ઉપર ધસી આવતા મહારાષ્ટ્રના ત્ર્યંબકેશ્વર તીર્થધામને જોડતો માર્ગ બંધ થતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. સાથે આ માર્ગ ગામના વાંગણ ફળિયા અને વાઘુનીયા ફળિયાના લોકો માટે પણ આવાગમન માટે મુશ્કેલી ઊભી થઈ હતી. જોકે ઘટનાની જાણ ગામના મહિલા સરપંચ સખીબેનને થતાં તેમના પતિ ધવલુભાઈ અને પુત્ર સાથે ઘટના સ્થળે પહોંચી માર્ગ મકાન વિભાગને જાણ કરતા તંત્ર દ્વારા માટી પથ્થરને ખસેડી માર્ગ ખુલ્લો કર્યો હતો. જોકે ઘટના સમયે કોઈ વાહન પસાર થતું ન હોઈ દુર્ઘટના સર્જાઈ ન હતી.

### નવસારીમાં હળવા વરસાદથી વાતાવરણમાં ઠંડક યથાવત્

નવસારી : નવસારીમાં રવિવારે હળવો વરસાદ સવારે પડ્યો હતો. જો કે બપોર પછી સૂર્ય નારાયણ સંતાકૂકડી કરતાં દર્શન આપતા હતા. હળવા વરસાદને કારણે તાપમાન 30 ડિગ્રીથી નીચું રહેતાં ઠંડક વર્તાઈ હતી. છેલ્લા કેટલાક દિવસથી વહેલી સવારે મેઘરાજા પધરામણી કરતા હોય છે. એ પછી ધીરે ધીરે બપોર પછી આરામ ફરમાવતા લાગે છે. રવિવારે પણ બપોર સુધી જિલ્લામાં હળવો વરસાદ પડ્યો હતો. સવારે 6 થી સાંજે 4 વાગ્યા સુધીના 10 કલાકમાં નવસારીમાં 14 મીમી, જલાલપોરમાં 21 મીમી, ગણદેવીમાં 19 મીમી, ચીખલીમાં 16 મીમી, વાંસદા તથા ખેરગામમાં 6- 6 મીમી વરસાદ નોંધાયો હતો. હળવા વરસાદને કારણે તાપમાન પણ નીચું રહ્યું હતું. શનિવારે મહત્તમ તાપમાન 29.7 ડિગ્રી હતું, તેમાં નજીવા ઘટાડા સાથે રવિવારે મહત્તમ તાપમાન 29.5 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાનમાં નજીવો વધારો જોવા મળ્યો હતો. લઘુતમ તાપમાન 23 ડિગ્રીથી વધીને 23.6 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે 92 ટકા અને સાંજે ઘટીને 89 ટકા નોંધાયું હતું.

## ડાંગના ૩૧૧ ગામના ખેડૂતો ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય

**વઘઇ** કૃષિ વિદ્યાલય ખાતે રાજ્યપાલનાં અધ્યક્ષસ્થાને ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ યોજાયો



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં વઘઈ કૃષિ વિદ્યાલય ખાતે 'પ્રાકૃતિક કૃષિ પ્રકૃતિના શરણે પરિસંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલે જિલ્લાના ખેતીવાડી અધિકારીઓ, માસ્ટર ટ્રેનર ખેડૂતો અને કૃષિ સખી બહેનોને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટેના કાર્યવાહક બનવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલે ડાંગના ૩૧૧ ગામના ખેડૂતો ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તે માટે તેમને જાગૃત કરવા તાલીમ આપવા જણાવ્યું હતુ. રાજ્યપાલે જણાવ્યું હતું કે, વધુ પડતા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાના ઉપયોગને કારણે સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરો જોવા મળી છે. વિશ્વ સામે જળવાયુ પરીવર્તનની મોટી સમસ્યા પેદા થઈ છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનમાં સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ વધે છે, જેના પરીણામે જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર સુધીની જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. જિલ્લા કલેક્ટર શાલિની દુહાને જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ડાંગ જિલ્લામાં ૨૦ હજારથી વધુ ખેડુતોને પ્રાકૃતિક કૃષિ હેઠળ આવરી લેવાયા છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળા ગાઈન, દંડક વિજય પટેલ, નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.ઝેડ. પી. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એસ. કે. વસાવા, સી.એમ.પટેલ, સંજય ભગરિયા સહિત અધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

## ઉમરગામ પાવર હાઉસ નવીનગરી અને ટેંભીમાં જુગાર રમતા 14 પકડાયા

**પોલીસે** ટેંભીમાંથી 10,400 અને પાવર હાઉસ નવીનગરી વિસ્તારમાં જુગારીઓ પાસેથી 1,14,630 નો મુદ્દામાલ કબજે લીધો

ઉમરગામ : ઉમરગામ પોલીસે બે અલગ અલગ જગ્યાએ રેડ પાડી ઉમરગામ પાવર હાઉસ નવીનગરી અને ટેંભીમાંથી જુગાર રમતા 14 જણાને પકડી પાડ્યા હતા.

પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ પોલીસના માણસો પેટ્રોલિંગમાં હતા તે વખતે મળેલી બાતમીના આધારે રવિવારે 2.30 કલાકે રેડ પાડી ઉમરગામના ટેંભી ગામે જલારામ મંદિરની સામે ખુલ્લી જગ્યામાં હારજીતનો ગંજી પાનાનો જુગાર રમતા જુગારીઓને પકડી પાડી દાવના રોકડા રૂપિયા 1550 અને અંગઝડતીમાંથી મળી આવેલા રોકડા રૂપિયા 8850 મળી કુલ રૂપિયા 10,400 અને પત્તા કબજે લીધા હતા.

ઉમરગામ પોલીસે રવિવારે 4.30 કલાકે રેડ પાડી ઉમરગામ પાવર હાઉસ નવીનગરી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં હારજીતનો ગંજી પાનાનો જુગાર રમતા જુગારીઓને પકડી પાડી દાવના રોકડા રૂપિયા 13,830 અને અંગઝડતીમાં મળી આવેલા રોકડા રૂપિયા 27,300 મળી કુલ રૂપિયા 41,130 તથા 9 મોબાઈલ ફોન કિંમત રૂપિયા 73,500 મળી કુલ રૂપિયા 1,14630 નો મુદ્દામાલ પત્તા વિગેરે ઉમરગામ પોલીસે કબજે લીધા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.

### ટેંભીમાંથી પકડાયેલા જુગારીઓ

હિતેશ પટેલ, સુરેશ પટેલ, સતીશ પટેલ, જય પટેલ, શૈલેષ પટેલ અને સુરેશ મોહન

### પાવર હાઉસ નવીનગરીથી પકડાયેલા જુગારીઓ

રમતા દેવુ જાદવ (રહે ઉમરગામ પાવર હાઉસ), ઓમકાર જનાર્દન માલી (નવીનગરી ઉમરગામ ટાઉન), રોહીદાસ પાટીલ (રહે ઉમરગામ જીઆઇડીસી), રામમિલન મૌરયા (ઉમરગામ બેલા રેસીડેન્સી), રોહિત વિજય (ઉમરગામ ઇડબલ્યુએસ કોલોની), કિશોર માધુ પવાર (ઉમરગામ પાવર હાઉસ), મેહુલ પ્રજાપતિ (સોલસુંબા કામરવાડ), અને સંતોષ રામદાસ કુરોડ (રહે ઉમરગામ જીઆઇડીસી કોલોની)

## સિલવાસામાં લાયસન્સ વગર ચાલતા અનેક ગેરકાયદે ઢાબા સીલ

**દાદરા** અને નગર હવેલીના ફૂડ સેફ્ટી વિભાગના અચાનક દરોડાથી ફફડાટ

સેલવાસ : સિલવાસામાં ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ગેરકાયદે રીતે ચલાવવામાં આવતા ઢાબા સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. લાયસન્સ વિના ચાલતા આ ઢાબા પર વિભાગે મોટી રેડ પાડી હતી.

આ કાર્યવાહી દરમિયાન, સ્વચ્છતાનું ધ્યાન નહીં રાખનારા સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરીને ચાલતા ઘણા ઢાબાને સીલ કરવામાં આવ્યા હતા. ફૂડ સેફ્ટી વિભાગે અચાનક દરોડા પાડીને લાયસન્સ વગરના ખાદ્ય એકમો સામે કડક સંદેશ આપ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસનો પણ સાથ લેવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં 'સાંસદ ખેલ મહોત્સવ પોર્ટલ'નો શુભારંભ



વલસાડ : વલસાડના સાંસદ અને લોકસભા દંડક ધવલ પટેલના હસ્તે શુક્રવારે 'સાંસદ ખેલ મહોત્સવ પોર્ટલ' નો શુભારંભ કરાયો હતો. શ્રી મેજર ધ્યાનચંદજીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે નેશનલ સ્પોર્ટસ ડે તથા સાંસદ ખેલ મહોત્સવ પોર્ટલની શરુઆત કરાઈ છે. સાંસદે જણાવ્યું કે, આ મહોત્સવ વિદ્યાર્થીઓ અને ખેલાડીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે અને રમતગમતને પ્રોત્સાહન આપવા મહત્વનું પ્લેટફોર્મ બનશે. ગુજરાતના વિદ્યાર્થીઓને શાળાકક્ષાએથી જ રમતગમત પ્રત્યે પ્રેરિત કરી તેમનામાં રહેલી શક્તિને બહાર લાવવા માટે ગ્રામ્યસ્તરે, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્યકક્ષાએ જુદી જુદી રમતોની સ્પર્ધાઓ દ્વારા ખેલાડીઓને સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટેનું એક પ્લેટફોર્મ પૂરૂ પાડ્યું છે. જુદી જુદી રમતો ઉપરાંત સ્થાનિક રમતોના ખેલાડીઓને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે સાંસદ ખેલ મહોત્સવ પોર્ટલની દેશમાં આજે એકસાથે શરૂઆત કરવામાં આવી છે. આ પોર્ટલમાં એથ્લેટીક્સ, વોલીબોલ, ક્રિકેટ, ખોખો, કબડ્ડી, રસ્સાખેંચ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, સ્વીમીંગ, સ્કેટીંગ, સાયકલિંગ જેવી રમતો માટે રજિસ્ટ્રેશન કરવામાં આવશે. ખેલ મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓની પસંદગી કરી કેન્દ્ર સરકાર દ્વારા તેમને ઉચ્ચકક્ષાની તાલીમ પણ આપવામાં આવશે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંત કંસારા, ધરમપુર અને વલસાડના ધારાસભ્યો તેમજ જી.પં.પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકાર દ્વારા સાંસદ ખેલ સ્પર્ધા(વલસાડ-ડાંગ)ના પોર્ટલમાં 29 મી ઓગસ્ટથી 20 સપ્ટેમ્બર સુધી નામાંકન કરવામાં આવશે અને 21 મી સપ્ટેમ્બરથી 25 ડિસેમ્બર સુધી રમતોત્સવ ચાલશે. પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીજીના જન્મદિન 25 ડિસે. સુશાસન દિવસે ગ્રાન્ડ ફિનાલે યોજી સમાપન કરાશે. આ પોર્ટલ માં રજિસ્ટ્રેશન માટેની લીંક: www.sansadkhelmahotsav.in

## આંગણવાડીમાં આવેલી ચોખાની ગુણમાંથી સફેદ પથ્થરો નીકળ્યા

**ધરમપુરનાં** નડગધરીની આંગણવાડીમાં આવેલા ચોખા તથા સફેદ પથ્થર વાળી ગુણ પ્રાંત કચેરીમાં લાવીને બતાવવામાં આવ્યા

**અનાજ** મોકલનારાની તપાસ અને કાર્યવાહી તેમજ અનાજનો જથ્થો બદલવાની રજુઆત

ધરમપુર : ધરમપુરનાં નડગધરીની એક આંગણવાડીમાં આવેલી ચોખાની ગુણીમાંથી સફેદ પથ્થર નીકળ્યા હોવાની રાવ સાથે ધરમપુર તાલુકા પંચાયતના અપક્ષ સભ્યએ પ્રાંત કચેરીમાં લેખિત રજૂઆત કરી હતી. તા.પં. અપક્ષ સભ્યએ ચોખા તથા સફેદ પથ્થર લાવી પ્રાંત કચેરીમાં બતાવ્યા હતા.

નડગધરીનાં સામાજીક કાર્યકર્તા દિનેશ ભોયાના જણાવ્યાં મુજબ નડગધરી ગામના નિશાળ ફળીયાની આંગણવાડીમાં ગુરુવારે આવેલા ચોખાનાં એક કટ્ટામાંથી પથ્થર નીકળ્યાની મળેલી માહિતીને લઈ આઈસીડીએસ તથા તા.પં.અપક્ષ સભ્ય કલ્પેશ પટેલને ફોટા મોકલી જાણ કરી હતી. જેને લઈ અપક્ષ સભ્યએ સ્થળ પર જઈ તપાસ કરી આંગણવાડીના બાળકોને આપવામાં આવેલા ચોખા સડેલા અને સફેદ પથ્થર નીકળ્યા હોવાનાં આક્ષેપ સાથે પ્રાંત કચેરીમાં રજુઆત કરી હતી. તેમણે પ્રાંત કચેરીમાં લેખિત અને મૌખિક રજુઆત કરી અનાજ મોકલનારાની તપાસ અને કાર્યવાહી તેમજ અનાજનો જથ્થો બદલી તાત્કાલિક સારો જથ્થો આપવા માગ કરી હતી. આ ઉપરાંત કાર્યવાહી કરવામાં નહીં આવે તો આદિવાસી સમાજનાં બાળકોનાં સ્વાસ્થ્યનાં હિતને ધ્યાને રાખી મામલતદાર કચેરી પરિસરમાં ધરણાં પર બેસી આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

## પારડી ઉમરસાડી રેલવે ટ્રેક પરથી અજાણ્યા પુરુષની લાશ મળી

પારડી : પારડી તાલુકાના ઉમરસાડી રેલ્વે ફળીયા નજીક ટ્રેક પર પુરુષની લાશ મળી આવી હતી. પોણીયા સ્કૂલ ફળીયાના જિગ્નેશ આહીરને તેના મિત્ર અક્ષયભાઈએ જાણ કરી હતી કે, ઉમરસાડી ફાટક પાસે થાંભલા નં. IITL-756 ની નજીક એક પુરુષ મૃત હાલતમાં પડેલો છે. જિગ્નેશભાઈએ જાણ કરતા પોલીસે લાશને ટ્રેક પરથી બહાર કાઢી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકના શરીરે ગંભીર ઈજાઓ જોવા મળી હતી. જેમાં માથાનો ભાગ કપાઈ ગયો હતો, જમણા હાથની કોણી ફ્રેક્ચર થઈ હતી અને ડાબા પગનો પંજો ફાટી ગયો હતો. ઉપરાંત શરીરના અન્ય ભાગોમાં પણ ઘસારા અને ઈજાના નિશાન હતા.

### ચીખલીની કાવેરી નદીમાં માનતાના ગણેશજીની મૂર્તિનું વિસર્જન



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીની કાવેરી નદી સ્થિત ઓવારા ઉપર માનતાના સ્થાપન કરાયેલા ગણેશજીનું વિસર્જન ભક્તિભાવ પૂર્વક ડીજે ના તાલે વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. ચીખલી પંથકમાં તેમજ આજુબાજુના વિસ્તારમાં પાંચ દિવસના માનતાના ગણેશજીનું વિસર્જન પોલીસની નિગરાણી હેઠળ સ્થાનિક તરવૈયાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. મોડી સાંજ સુધીમાં માનતાની અંદાજે ૧૫ જેટલી ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરાયું હતું.

## ફેસબુક પર લોન જાહેરાતના બહાને પારડીના વેપારી સાથે રૂપિયા 61 હજારની છેતરપિંડી

પારડી : વલસાડ જિલ્લામાં સાયબર ફ્રોડના બનાવો વધી રહ્યા છે. પારડી ચાર રસ્તા નજીક સાંજ કોમ્પલેક્સમાં રહેતા વિનય જયંતી દેસાઈ (ઉ.વ. 55) દમણ રીંગણવાડા ખાતે ક્વોલીટી ગારમેન્ટ નામની કંપની ચલાવે છે, તેઓ ઓનલાઈન લોનના નામે છેતરાયા છે. તેઓ 17 જુલાઈએ પોતાના ફેસબુક એકાઉન્ટમાં બ્રાઉઝિંગ કરી રહ્યા હતા, ત્યારે બિઝનેસ લોનની જાહેરાત જોવા મળી હતી. આપેલા નંબર પર સંપર્ક કરતા સામેના વ્યક્તિએ પોતાનું નામ કુણાલ વશી જણાવી મહાદેવ ફાઈનાન્સમાંથી વાત કરતો હોવાનું જણાવ્યું હતુ. તેણે દેસાઈ પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ, બેંક સ્ટેટમેન્ટ અને ઉદ્યોગ આધાર કાર્ડ જેવા દસ્તાવેજો માગતા દેસાઈએ મોકલી આપ્યા હતા. બાદમાં થોડી જ વારમાં દેસાઈના ઈ-મેઈલ પર આદિત્ય બિરલા Capital માંથી રૂ. 10.50 લાખ અને પરિમલ હાઉસિંગ ફાઈનાન્સ Capital માંથી રૂ. 9 લાખની લોન મંજુર થઈ હોવાના ફેક સેન્ક્શન લેટર આવ્યા હતા. વિશ્વાસમાં આવી દેસાઈએ લોન પ્રક્રિયા અને ઈન્શ્યોરન્સના નામે પહેલા રૂ. 42,299 અને પછી રૂ. 19,300, એમ કુલ રૂ. 61,599 ગુગલ પે મારફતે કુણાલ વશીને ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ બાદમાં તેનો ફોન બંધ થઈ જતા દેસાઈને છેતરપિંડી થયાનું સ્પષ્ટ થયું હતુ. તેણે તરત જ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ કરી અને હાલ પારડી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પુણ્યનું બેંક બેલેન્સ ઘટી રહ્યું છે ત્યારે પરમાત્માની ભક્તિ વધારવી જોઈએ : પદ્મદર્શનવિજયજી



સુરત : સોમનાથ રોડ સ્થિત શ્રી ગોહરબાગ જૈન સંઘમાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજની નિશ્રામાં ગોહરબાગ નેમનગરથી કુલ પાંચ સંઘોની સમૂહ ચૈત્યપરિપાટી ગણદેવી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની નીકળી હતી. જેમાં ૫૦૦ થી વધુ ભાવુકો જોડાયા હતા. જેમાં ગોહરબાગ જૈન સંઘ, શ્રી શાંતિનાથ જૈન સંઘ બીલીમોરા ગામ, અમલસાડ જૈન સંઘ, ચીખલી જૈન સંઘ અને ગણદેવી જૈન સંઘ જોડાયો હતો. આ ચૈત્યપરિપાટીનો સંપૂર્ણ લાભ પન્નાબેન સુરેન્દ્રભાઈ શાહ (દેગામવાળા) પરિવારે ભારે ઔદાર્ય પૂર્વક લીધો હતો. તમામ યાત્રિકોનું સંઘપૂજન અને નવકારશીનો લાભ પણ આ પરિવારે લીધો હતો. ચૈત્ય પરિપાટીમાં બગી, બેન્ડ, અષ્ટપ્રકારિ પૂજાના શણગારેલા થાળ વગેરે શોભામાં વૃદ્ધિ કરતા હતા. પાંચેય સંઘોમાંથી મહાત્માઓ, સાધ્વીજી ભગવંતો, ટ્રસ્ટીઓ, મોવડીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. "જય જય શ્રી નેમિનાથ"થી માંડીને "જય જય શ્રી પારસનાથ" દ્વારા વાતાવરણ દિવ્ય અને ભવ્ય બન્યું હતું. આ પાવન પ્રસંગે પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે; હોટલો અને હિલસ્ટેશનોની પરિપાટી તો ઘણી કરી હવે પ્રભુના મંદિરોની ચૈત્યપરિપાટી કરવી જરૂરી છે. જ્યારે પુણ્યની બેંક બેલેન્સ ઘટી રહી છે ત્યારે પરમાત્માની ભક્તિ વધારવી જોઈએ. પરમાત્મા પ્રચંડ પુણ્યના સમ્રાટ છે. મંદિરોની પવિત્ર ઊર્જા આપણી ભીતરમાં રહેલી નેગેટિવ ઊર્જાને ખતમ કરે છે. પ્રભુના ઉપકારોની સ્મૃતિ માટે ચૈત્યપરિપાટી છે.

### વાપીમાં ગણપતિ પંડાલની મુલાકાત લઇ શ્રી ગણેશના દર્શન કરતા નાણાં મંત્રી



વાપી : વાપી શહેર વિસ્તારના વિવિધ ગણપતિ પંડાલમાં કેબિનેટ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ દર્શન કર્યા અને સ્થાનિક મંડળના ભક્તો અને રહીશો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. સાથે ભગવાન શ્રી ગણેશના દર્શન કરી આરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે તેમની સાથે વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, શહેર ભાજપ મહામંત્રી વિરાજભાઈ દક્ષિણી સહિત હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### સાનેદાદાની ૨૩મી પુણ્યતિથિએ બીલીમોરા સ્મશાન ભૂમિ ખાતે મેદની જોવા મળી



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા સ્મશાન ભૂમિ પર નવનાથ ધામના સંત શિરોમણી બ્રહ્મલીન પ. પૂ. શ્રી સાનેદાદાની ૨૩મી પુણ્યતિથિ સત્કર્મ દિન નિમિતે આસ્થા વટના દર્શનાર્થે જનમેદની ઉમટી અને વિવિધ સત્કર્મો કરવામાં આવ્યા હતા. નાથપંથના મહાન સંત એવા શ્રી સાનેદાદાએ બહુજન હિતાય, બહુજન સુખાય ના માર્ગે લોક કલ્યાણ અર્થે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. ભક્તોમા કોઈ પણ જાતના ભેદભાવ વિના અલખ જગાવી હતી. શ્રી સાનેદાદાની પુણ્યતિથિ સત્કર્મ દિન તરીકે ઉજવવામાં આવે છે. તેમની ૨૩મી પુણ્યતિથિ નિમિત્તે એમના અગ્નિ સંસ્કાર સ્થળ બીલીમોરા સ્મશાન ભૂમિ ખાતે આસ્થા વટના દર્શનાર્થે ભક્તોની ભારે મેદની જોવા મળી હતી. બીલીમોરાના સ્મશાન ભૂમિ પર સ્થિત આ વટ વૃક્ષ ભકતોના હૃદયમાં અનેરું સ્થાન ધરાવે છે. વડલો છે એ નાથપંથનો, ઘેઘુર ઘન ગંભીરો. ૨૮મી ઓગષ્ટ ૨૦૦૨ શ્રાવણ વદ પાંચમના રોજ ગુરુદેવ બ્રહ્મલીન થયા હતા. બીલીમોરા સ્મશાન ભૂમિ ખાતે એમનો અગ્નિ સંસ્કાર થયો હતો. ત્યાં આસ્થા વટનું (વડ) રોપણ કરવામાં આવ્યું હતું. નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ છોટે દાદાએ સ્મશાન ભૂમિ ખાતે આસ્થા વટના દર્શન પૂજા કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. છાત્રાલયમાં વિદ્યાર્થીઓને ભોજન, બાળકોને નોટબુક, પેન્સિલ અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ઉપસ્થિત ભક્તો માટે મહાભંડારો કરવામાં આવ્યો હતો. ફૂટપાથ પર જરૂરિયાત મંદોને ભોજન પૂરું પાડવામાં આવ્યું હતુ. ગુરુદેવના ભક્તો દ્વારા ચોકલેટ વિતરણ, મૂંગા પશુઓને ઘાસચારો, દિવ્યાંગોને ભોજન, જેવા કાર્યો કરી શ્રી સાનેદાદાએ ચીંધેલા બહુજન હિતાય અને બહુજન સુખાયના માર્ગે ચાલી પરમાર્થ કાર્યો કરવામાં આવ્યા હતા.

### એરૂની ગાંધી કોલેજમાં કરંટ લાગતાં કામદારનું મોત

નવસારી : નવસારી નજીક આવેલા એરૂ ચાર રસ્તા ખાતે આવેલી ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં વોટરપ્રુફીંગનું કામ કરવા આવેલા મૂળ મધ્યપ્રદેશના સોંડવા તાલુકાના કૈલાશ ચૌહાણ માલસામાન ચઢાવવાની લિફ્ટમાં સામાન ગોઠવતો હતો, ત્યારે પગના અંગૂઠામાં કરંટ લાગતાં તે નીચે પડી ગયો હતો. તેને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરતાં જલાલપોર રૂરલ પોલીસા અહેકો મહેશભાઈ તપાસ કરી રહ્યા છે.

### આજે 1 સપ્ટેમ્બરે અરનાલામાં ખેડ સત્યાગ્રહ કિશાન રેલી અને રોહિણામાં કિશાન મુક્તિ દિન ઉજવાશે

વલસાડ : આજે 1 સપ્ટેમ્બરે જિલ્લામાં પારડી તાલુકાના અરનાલા ખાતે ખેડ સત્યાગ્રહ કિશાન રેલી અને રોહિણા આશ્રમ ખાતે કિશાન મુક્તિ દિનની ઉજવણી એમ બે સ્થળે કાર્યક્રમ યોજાશે. અરનાલા કલ્યાનેશ્વર મહાદેવ મંદિર કેમ્પસ હોલ ખાતે સવારે 11 કલાકે યોજાનાર રેલીમાં કોંગ્રેસના પ્રદેશ કક્ષાના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહેશે. જ્યારે પારડી વિભાગ કિશાન પંચાયત દ્વારા રોહિણા ખાતે બપોરે 1 વાગે ખેડ સત્યાગ્રહની યાદમાં કિશાન મુક્તિ દિનની ઉજવણી કરાશે.


**સર્વજન સૂચના**

શ્રી પિલૂ મોદી એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલફેર પબ્લિક ટ્રસ્ટ (નોંધણી ક્રમાંક E-1355, વલસાડ) ની મુલતવી રાખેલ વાર્ષિક સામાન્ય સભા હવે 02.09.25 ના રોજ 09:00 વાગ્યે પ્લોટ નં. 12, ગુંજન, વાપી - 396195 ખાતે યોજાશે.

તમામ સભ્યોને વિનંતી છે કે સભામાં ફરજિયાત હાજરી આપશો.

ટ્રસ્ટના આદેશથી - નિરવ આર. શાહ, ટ્રસ્ટી

સૂચના તારીખ: 31.08.2025 સ્થળ: વાપી